# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11/07/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

---

1. **પુરગ્રસ્ત સુરતના અઢી હજાર પરિવારોને કેશડોલ્સની ચૂકવણી - મોડીરાત્રે નાયબ મુખ્યમંત્રીએ તંત્ર સાથે બેઠક કરી.**
2. **વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમોમાં ભાગ લેવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી રાજ્યના ત્રણ દિવસના પ્રવાસે.**
3. **રાજ્ય GST વિભાગે પાનમસાલા સહિતના વેપારીઓ સામે કાર્યવાહી કરી છ કરોડ 54 લાખની કરચોરી ઝડપી.**
4. **ચાંદીપુરા વાઇરસ સામેની તકેદારી માટે અરવલ્લી અને મહેસાણામાં સર્વે.**
5. **પુરુષ ક્રિકેટમાં આજે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે અંતિમ ટી-20 મેચ.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# SURAT HARSH SANGHVI

ભારે વરસાદ અને પૂરની આપત્તિની પરિસ્થિતિમાં સુરત અને આસપાસના અસરગ્રસ્ત વિસ્તારોના નવ હજાર એક સો પરિવારોનો સર્વે હાથ ધરાયો હતો અને ભોગ બનેલા પરિવારોને કેશડોલ્સ ચૂકવવામાં આવી હતી.

અત્યાર સુધીમાં શહેરના અંદાજે નવ હજાર એક સો જેટલા પરિવારોનો ડોર-ટુ-ડોર સર્વે પૂર્ણ કરી 800 થી વધુ અસરગ્રસ્ત પરિવારોને છ હજાર 800 લેખે ઘરવખરી અને કેશડોલ તેમના રૂબરૂમાં આપી દેવાઈ આવી છે. બાકી રહેલા તમામ પરિવારોને પણ આ સહાય પહોંચાડવા માટે અલગ-અલગ ટીમો કાર્યરત કરી દેવાઈ છે.

પૂરના પાણી ઓસર્યા પછીની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મોડી રાત્રે સુરત કલેક્ટર કચેરીમાં સુરત જિલ્લાના તમામ સંકલન અધિકારીઓ,મહાનગરપાલિકા અને પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ સાથે તાકીદની ઉચ્ચસ્તરિય સમીક્ષા બેઠક યોજી રાહત કામગીરીની સમીક્ષા કરી કરી હતી.

જિલ્લા કલેકટર તેજસ પરમારે જણાવ્યું હતું કે, છ તાલુકામાં 50 ટીમો સર્વેની કામગીરી કરી રહી છે. અત્યાર સુધીમાં 2500 પરિવારોને 1.50 કરોડ રૂપિયાની સહાય કેસમાં ચુકવવામાં આવી છે.

**BYTE: TEJAS PARMAR, COLLECTOR SURAT**

# HM AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ રાજ્યના પ્રવાસે આવશે. સત્તાવાર યાદી મુજબ, તેઓ આજે સાંજે અમદાવાદ પહોંચશે. ત્યારબાદ આવતીકાલે તેઓ અમદાવાદમાં સામૂહિક વૃક્ષારોપણ અભિયાનના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહી જાહેરસભાને સંબોધશે.

શ્રી શાહ થલતેજ, સરખેજ અને સ્ટેડિયમ વૉર્ડમાં વિવિધ જગ્યાએ વૃક્ષારોપણ કરશે. ત્યારબાદ તેઓ પ્રહલાદનગર વિસ્તારમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ – ABVPના અમીરગઢના કાર્યકર્તા રમણ પટેલના 75મા જન્મદિવસ સમારોહમાં ઉપસ્થિત રહેશે. ઉપરાંત શ્રી શાહ અમદાવાદમાં અંદાજે 60 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવનિર્મિત સરકારી આવાસોનું ઇ-લોકાર્પણ કરશે.

તો, સોમવારે 13 તારીખે શ્રી શાહ ગાંધીનગરમાં NFSU પરિસરમાં 11-મી ઇન્ટરપોલ ડિજિટલ ફૉરેન્સિક એક્સપર્ટ ગૃપ – DFEGની બેઠક અને પ્રથમ આંતર-રાષ્ટ્રીય તપાસકર્તા સ્પર્ધા તથા શિખર સંમેલનના ઉદ્ઘાટન સમારોહમાં વિશેષ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ બપોરે તેઓ દહેગામમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMC દ્વારા નવનિર્મિત શાકભાજી બજારના લોકાર્પણ અને અમૃત મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. છેવટે અમદાવાદના શાહીબાગ અતિથિગૃહ ખાતે શ્રી શાહ વિવિધ બેઠક પણ યોજશે.

# BOTAD VRUKSHA ROPAN

પર્યાવરણના સંરક્ષણ અને હરિયાળી વધારવાના સંકલ્પ સાથે બોટાદની સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા "એઆરટીઓ ઉપવન"ના નામે 151 વૃક્ષોનું વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો.

મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત બોટાદ જિલ્લા કલેકટર એચ એમ વોરાએ જણાવ્યું કે, પર્યાવરણનું જતન એ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત બની છે.

**BYTE: H M VORA, COLLECTOR BOTAD**

# DIGITAL SYSTEM-VAN VIBHAG

વન વિભાગ દ્વારા નાગરિકો માટે અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. નાગરિકો હવે માત્ર એક મિસ્ડ કોલ અથવા વોટ્સએપ પર **'Hi'** લખીને પોતાના નજીકની સરકારી નર્સરીની વિગતો આંગળીના ટેરવે મેળવી શકશે. રાજ્યને હરિયાળું બનાવવાના ઉદ્દેશ્યથી વન વિભાગ દ્વારા '83 20 00 20 00' હેલ્પલાઈન નંબર કાર્યરત કરવામાં આવ્યો છે.

આ ડિજિટલ સિસ્ટમ થકી નાગરિકોને એક **SMS**માં લિંક મળશે, જેના પર ક્લિક કરતાં જ સંબંધિત વિસ્તારની નર્સરીનું ચોક્કસ ગૂગલ મેપ લોકેશન, સંપર્ક વિગતો અને વન અધિકારીઓની માહિતી સ્ક્રીન પર ઉપલબ્ધ થઈ જશે.

નાગરિકો સરકારી નર્સરીમાંથી નજીવી કિંમતે ઉચ્ચ ગુણવત્તાયુક્ત રોપાઓ મેળવી શકે છે. આ ઉપરાંત, વન વિભાગ દ્વારા વન્યજીવોના સંરક્ષણ અને રેસ્કયૂ કામગીરી માટે 24 કલાક કાર્યરત 'ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર પણ સક્રિય રાખવામાં આવ્યો છે, જેના પર નાગરિકો વન્યજીવ ઈમરજન્સી કે અન્ય ફરિયાદો અંગે કોઈપણ સમયે સંપર્ક કરી સહયોગ મેળવી શકે છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

## SGST

ગુજરાત સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગ દ્વારા રાજ્યમાં કરચોરી કરનારા તત્વો સામે કરાયેલી કાર્યવાહી અંતર્ગત 6.54 કરોડની કરચોરી ઝડપી પાડી છે. રાજ્ય કરવેરા વિભાગે પાનમસાલ, બીડી, સિગારેટ, સોપારી અને ચૂનાનો વેપારીઓ સામે કાર્યવાહી હાથધરી હતી.

**SGST** વિભાગ દ્વારા અમદાવાદ, ડીસા, પાલનપુર, પાટણ, બેચરાજી, રાધનપુર, વિસનગર, ઊંઝા, મહેસાણા અને બાવળા ખાતે આવેલા **27** કરદાતાઓના કુલ **41** સ્થળોએ દરોડા પાડી તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન અનેક સ્થળોએ બિલ વિના તથા હિસાબમાં નોંધ કર્યા વિના મોટા પ્રમાણમાં માલનું વેચાણ કરવામાં આવતું હોવાનું જણાયું છે.

તપાસ દરમિયાન બહાર આવેલા સ્ટોક તફાવત, બિનહિસાબી વેચાણ અને અન્ય ગેરરીતિઓના આધારે પ્રાથમિક તબક્કે આશરે **6.54** કરોડની કરચોરી પકડાતાં વેરાની વસૂલાત તથા જરૂરી કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## ARVALLI CHANDIPURA SARVEY

સાબરકાંઠા સહિતના કેટલાક જિલ્લાઓમાં ચાંદીપુરમના કેસ જોવા મળતા અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ પણ સતર્ક બન્યો છે. તકેદારીના ભાગરૂપે આરોગ્ય વિભાગની અલગ અલગ ટીમ દ્વારા રાજસ્થાન સાથે જોડાયેલા વિસ્તારોમાં સર્વેની કામગીરી તેમજ દવા છટકામની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી આશિષ ખાંટે જણાવ્યુ હતું.

**BYTE: ASHISH KHANT, EPIDEMIC CONTROL OFFICER, ARVALLI**

દરમિયાન મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના લાછડી ગામ ખાતે ચાંદીપુરાનો એક પોઝિટિવ કેસ નોંધાયો છે. આ કેસ નોંધાયા બાદ જિલ્લા રોગચાળા અટકાયતી ટીમ, તાલુકા આરોગ્ય વિભાગ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં તાત્કાલિક સઘન સર્વેલન્સ અને રોગ નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## WORLD POPULATION DAY

આજે વિશ્વ વસ્તી દિવસ છે. યુવા વસ્તીને ડેમોગ્રાફિક ડિવિડન્ડમાં તબદલી કરીને ગુજરાત મોડેલ સ્ટેટ બન્યું છે.

સાંભળીએ એક વિશેષ અહેવાલ.......

## VOICECAST: CHAITALI JOSHI

*(.... આજે 11 જુલાઈને વિશ્વ વસતિ દિવસ તરીકે મનાવાશે. ત્યારે ગુજરાત યુવા વસતિને ડેમોગ્રાફિક ડિવિડન્ડમાં બદલતું મૉડેલ સ્ટેટ બન્યું છે. સત્તાવાર યાદી મુજબ, તાજેતરમાં જાહેર કરાયેલી વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ આ દિશામાં રાજ્યના યુવાનો માટે ગેમ ચેન્જર સાબિત થઈ રહી છે. આ નીતિનો મુખ્ય સ્તંભ કૌશલ્ય વિકાસ અને રોજગારીનો છે. નીતિ અંતર્ગત રાજ્ય સરકારે આગામી સમયમાં ગુણવત્તાયુક્ત રોજગારીની તકનું સર્જન કરવાનું પણ લક્ષ્ય રાખ્યું છે. નવી નીતિ યુવાનોને માત્ર નોકરી શોધનારા જ નહીં, પણ નોકરી આપનારા બનવાની પ્રેરણા આપે છે. વિશ્વ વસતિ દિવસે વસતિ એ બોજ નહીં પણ જો તેને યોગ્ય કૌશલ્ય અને સાનુકૂળ નીતિઓનું પીઠબળ મળે તો તે દેશને વિકસિત ભારત 2047 તરફ દોરી જતી સૌથી મોટી શક્તિ બની શકે છે તે રાજ્ય સરકારે સાબિત કર્યું છે.*

*ચૈતાલી જોષી, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ. )*

# INDIA TRAVEL AWARD

ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને પ્રવાસ 5.0 અંતર્ગત ભારત પ્રવાસ પુરસ્કાર–2026 સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં જાહેર પરિવહન ક્ષેત્રમાં સેવા, સલામતી, નવીનતા, ટેક્નોલોજી અને શ્રેષ્ઠ વ્યવસ્થાપનમાં નોંધપાત્ર યોગદાન આપવા બદલ વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓને 'ભારત પ્રવાસ એવોર્ડ્સ–2026' અર્પણ કરી સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે રાજ્યપાલે દેશભરમાંથી આવેલા બસ અને કાર ઓપરેટરોને સંબોધતા જણાવ્યું હતું કે, પરિવહન સેવાઓ દેશને એકતાના સૂત્રમાં બાંધવાનું અને પ્રગતિને ગતિ આપવાનું કાર્ય કરે છે. રાજ્યપાલે ગ્લોબલ વોર્મિંગના પડકારનો સામનો કરવા માટે સાર્વજનિક પરિવહનનો ઉપયોગ વધારવા પર ભાર મૂક્યો હતો અને માર્ગ સુરક્ષાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા પરિવહન ઓપરેટરોને આહ્વાન કર્યું હતું. રાજ્યપાલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં પરિવહન ક્ષેત્રનો ફાળો પણ મહત્વપૂર્ણ રહેશે. પરિવહન ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ આપનારા વ્યક્તિ અને સંસ્થાઓને રાજ્યપાલે અભિનંદન પાઠવ્યા હતા.

# CRICKET

પુરુષ ક્રિકેટમાં ભારત આજે સાઉથમ્પ્ટન ખાતે પાંચ મેચની શ્રેણીની અંતિમ ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

શ્રેણીમાં 3-0થી પાછળ હોવાથી ભારતીય ટીમ આ મેચ જીતવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે. ભારત 3-0થી આ શ્રેણી ગુમાવી ચૂક્યું છે.

-------------------------------------